ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૭૨ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં શ્રાવણીયો જુગાર જામ્યો

ચાર દરોડામાં ૨૩ જુગારીઓ સાથે ૬૦ હજારનો મુદ્દામાલ જપ્ત : ઈસનપુર મોટા, પાલજ, વિરાતલાવડી અને પાલજ ગામમાં પોલિસનો સપાટો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરમાં શ્રાવણીયો જુગાર ધીમે ધીમે જામી રહ્યો છે. ૨૪ કલાકમાં ચિલોડા, ડભોડા અને ઈન્ફોસીટી પોલિસે પોતપોતાની હદમાં ચાલતા ચાર જુગારના અડ્ડાઓ પર દરોડા પાડી ૨૩ શકુનીઓને શ્રાવણીયો જુગાર રમતા ઝબ્બે કર્યા છે. અલગ અલગ ચાર દરોડામાં ૨૩ જુગારીઓ પાસેથી કુલ ૬૦ હજારનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ચિલોડા પીઆઈ એલ.ડી. વાઘેલાની ટીમને ઈસનપુર મોટા ગામમાં ગોવિંદ રણછોડ પટેલના બોરકુવાની ઓરડીમાં દરોડો પાડી ઈસનપુર મોટા ગામના સાત જુગારીઓને પકડી પાડયા હતા. કાન્તિ ભલા રાવલ, સુનિલ બાદર કડાલા, કાન્તિ ભીખા ઠાકોર, રાજેન્દ્ર મગા પટેલ, બળદેવ ભીખા પટેલ, ગોવિંદ રણછોડ પટેલ અને પરેશ પ્રહલાદ પટેલને સાત મોબાઈલ, એક બાઈક અને રોકડ રૂ. ૧૨૩૬૫ મળી કુલ રૂ. ૪૧૮૬૫નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તે ઉપરાંત રામપુરા પાલજ ખાતે જોગણી માતાના મંદિર આગળ ખુલ્લી જગ્યામાં જુગાર રમતા જુહા શકરા ઠાકોર, ભીખા ગલા ઠાકોર, ઝાલા આતા ઠાકોર, ભરત ગાંડા ઠાકોર, જુગા હલા ઠાકોર અને હિતેશ ખોડા ઠાકોરની રોકડ રૂ. ૫૫૬૦ના મુદ્દામાલ સાથે ચિલોડા પોલિસે ધરપકડ કરી લીધી હતી. તો બીજી તરફ ડભોડા પીએસઆઈ ડી.બી. વાળાની ટીમે વીરા તલાવડી ગામમાં દરોડો પાડી કાળા શંકા ઠાકોર, કાળા પોપટ ઠાકોર, બળદેવ મણા ઠાકોર, કાળા શકરા ઠાકોર, જીતેન્દ્ર લક્ષ્મણ ઠાકોર અને બાબુ ગફુલ મનસુરીને રૂ. ૨૮૦૦ રોકડ સાથે જુગાર રમતા પકડી પાડયા હતા તે ઉપરાંત ઈન્ફોસીટી ઈન્ચાર્જ પી.આઈ. ડી.બી. વાળાની ટીમે ઈન્દ્રોડા ગામમાં દરબારવાસમાં દરોડો પાડી ખુલ્લેઆમ જુગાર રમતા હિરેન્દ્ર ગોપાલસિંહ ગોહિલ, પ્રવિણ બકાજી ઠાકોર, દેવેન્દ્ર છત્રસિંહ ગોહિલ અને મહેન્દ્ર નટવરસિંહ ગોહીલને પકડી પાડી રોકડ રૂ. ૧૦,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ચાર સ્થળે દરોડા પાડી પોલીસે રૂ. ૬૦ હજારના મુદ્દામાલ સાથે ૨૩ શકુનીઓની ધરપકડ કરી કડક કાર્યવાહી કરી છે.

સરગાસણ ચોકડીથી ચોરીના બાઈક સાથે એક શખ્સ પકડાયો

નંબર પ્લેટ બદલીને હિંમતનગરથી ચોરી થયેલું બાઈક વાપરતો હોવાનું ખુલ્યુ

ગાંધીનગર, તા.૨

શહેરના ખ-૦ સર્કલ (સરગાસણ ચોકડી) પાસેથી હીરો હોન્ડા સ્ટનર બાઈક લઈને જતા એક બાઈકચાલક શંકાસ્પદ જણાતા ગઈ કાલે સેકટર-૭ પોલીસની ટીમે તેને પકડયો હતો. જીજે ૦૧ સી ૯૬૬૮ નંબરના આ બાઈકના એન્જીન અને ચેસીસ નંબરને આધારે તપાસ કરતાં બાઈકનો સાચો નંબર જીજે ૦૯ સીઈ ૩૪૮૯ હોવાનું ખુલ્યું હતું. આ બાઈક હિંમતનગર બી-ડીવીઝન પોલિસ સ્ટેશન હદ વિસ્તારમાંથી ચોરી થયું હોવાનું તપાસમાં ખુલતા પોલીસે બાઈક જપ્ત કરી લઈ પીએસઆઈ વી.આર. પ્રજાપતિએ ઉંડી તપાસ શરુ કરી છે.

સૌરભ સોસાયટીમાં એક માસથી સ્ટ્રીટલાઈટ બંધ

ગાંધીનગર, તા.૨

રાજયના પાટનગરમાં સ્ટ્રીટ લાઈટ નિષ્ફળ નિવડી હોય તેવો માહોલ સર્જાયો છે. નગરના અનેક વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટ બંધ હોવાની ફરિયાદો ઉભી થઈ છે. જેમાં એલઈડી સ્ટ્રીટલાઈટ કર્યા પછી ફરિયાદોમાં સતત વધારો થતો જાય છે. સેકટર-૨૩ સ્થિત સૌરભ સોસાયટીમાં છેલ્લા એક માસથી સ્ટ્રીટલાઈટ બધ હાલતમાં છે. સ્ટ્રીટલાઈટ બંધ હોવાની તંત્રે ફરિયાદ આપ્યા પછી પણ આજ દીન સુધી આ અંગે કોઈ જ પગલાં લેવાયા નથી. વધુમાં ઘોર અંધકારમાં ડુબેલી આ સોસાયટીમાં બહાર નીકળવાની મુશ્કેલી સાથે ચોરી થવાની દહેશત ઉભી થતા રહીશોમાં ફફડાટ ફેલાયો છે.

સ્ટ્રીટલાઈટોની સંખ્યાબંધ ફરિયાદો છતાં તંત્ર દ્વારા ફરિયાદોનો નિકાલ ન થતાં રોશનીથી ઝગમગતું નગર અંધકારમાં સરી પડયું છે. સે-૨૩માં આવેલી સૌરભ સોસાયટીમાં પણ છેલ્લા એક માસથી સ્ટ્રીટ લાઈટ બંધ છે. જેના લીધે સોસાયટીમાં ઘોર અંધકાર ફેલાયો છે. નિવૃત્ત સકારી અધિકારીઓ તેમજ સરકારી અધિકારીઓ, સિનિયર સીટીઝન પણ મોટી સખ્યામાં અહીં રહે છે. ઘોર અંધકારના કારણે રહીશોને રાત્રીએ ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યુંછે. અને અંધકારનો અસામાજીક તત્વો ગેરલાભ ઉઠાવી શકવાની પણ દહેશત ઉભી થઈ છે. જેથી તંત્ર સત્વરે સૌરભ સોસાયટીની સ્ટ્રીટ લાઈટો કાયમી ધોરણે ચાલુ રહે તેવો ઉકેલ લાવે તેવી માંગ ઉભી થઈ છે.

સે-૧૭ ધોબીની દુકાનમાંથી દારૂ-બિયરની બોટલો મળી..!

બિયરની બોટલો અને વિદેશી દારૂની છ બોટલ સાથે દુકાનના માલિકની ધરપકડ

ગાંધીનગર, તા.૨

શહેરના સેકટર-૧૭ ખાતે સ્થિત એક ધોબીની દુકાનમાં વિદેશી દારૂની બોટલો અને બિયરનો જથ્થો પડયો હોવાની બાતમીને આધારે ગાંધીનગર સે-૨૧ પોલીસની ટીમે દરોડો પાડયો હતો. દુકાનમાં તપાસ કરતાં અંદરથી બિયરના ટીન-બોટલો અને વિદેશી દારૂની ૬ બોટલો મળી આવતા દુકાન માલિકની ધરપકડ કરી લેવામાં આવી હતી. દારૂ-બિયરનું વેચાણ થતું હતું કે તે પીવા માટે લાવ્યો હતો તેની પુછપરછ ચાલી રહી છે. સે-૨૧ પોલિસે રીમાન્ડ લેવા તજવીજ શરુ કરી છે.

સેકટર-૨૧ પી.આઈ. જતીન પ્રજાપતિની ટીમને ગઈ કાલે બપોરના અરસામાં બાતમી મળી હતી કે સેકટર-૧૭ ખાતે ધોબીની દુકાનમાં વિદેશી દારૂ અને બિયરનો જથ્થો પડયો છે. આ બાતમી આધારે સે-૨૧ પોલીસની ટીમે રેઈડ પાડી દુકાનમાં સર્ચ કરતા ત્રણ બિયરના ટીન, બે બિયરની બોટલો અને ૬ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. રૂ. ૨૭૦૦ના મુદ્દામાલ સાથે સે-૨૧ પોલીસે સે-૨૧ વાસ્તુનિર્માણ સોસાયટીમાં મકાન નં. ૫૦૫/૧ ખાતે રહેતા દુકાનમાલિક હેમરાજ નંદુલાલ રજવાણિયાની ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરી છે. આ શખ્સ દારૂ-બિયર કયાંથી લાવ્યો અને આટલી બોટલો દુકાનમાં રાખવા પાછળનું કારણ શું? તે વેચાણ માટે લાવ્યો હતો કે પાર્ટી કરવા તે સહીતની પુછપરછ કરવા રિમાન્ડ મેળવવા પોલીસે તજવીજ શરુ કરી છે. જો કે તે પોતાને પીવા માટે દારૂ-બિયર લાવ્યો હોવાનું પ્રાથમિક નિવેદન આપી રહ્યો હોવાનું પોલિસનું કહેવું છે. જો કે સઘન પુછપરછમાં વધુ વિગતો બહાર આવશે.

@ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં પુષ્પ કલા મંડપના હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે સુકા મેવાના કલાત્મક હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ કલ્પેશભાઈ શાસ્ત્રી, ૧૦૫૨, સે-૨-ડી ખાતે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના પૂનમભાઈ ભટ્ટ, પેથાપુર ખાતે યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિત્તે ૧૧૧૧ નંગ કેળાના કલાત્મક હિંડોળાના દર્શન તથા રામકથા યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ ખાતે શિવ મહિમ્ન પાઠ પ્રફુલચંદ્ર એસ. પંડયા, કે-૮-ગ્રીનસીટી ખાતે યોજાશે.

વાતવાતમાં

● સેકટર-૧૬માં પેટ્રોલ પંપ સામે છેલ્લા દસેક દિવસથી પાર્કિંગ લોટમાં જ મોટો ભૂવો પડયો છે. આ ભૂવામાં અનેક વાહનો ફસાવાની સમસ્યા સર્જાય છે છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ જ પગલાં લેવામાં નથી આવ્યા.

● દહેગામમાં ગત શ્રાવણિયા સોમવારે એક વયોવૃધ્ધ વડિલ શિવજીને ચઢાવવા બિલિના ઝાડ પરથી બિલિપત્ર તોડી રહ્યા હતા ત્યારે ઝાડની ડાળીએ ફરતા ચિતરા સાપે હાથે ડંખ દીધો હતો. આ ડંખના કારણે વૃધ્ધના અડધા અંગે ઝેર પ્રસરી જતા ત્રણ દિવસથી સારવાર હેઠળ રખાયા બાદ તેમની તબિયતમાં સુધારો જોવા મળી રહ્યો છે.

આઈ લવ માય ગાંધીનગર

દિલીપસિંહ વાઘેલા
એડવોકેટ

ગાંધીનગર ગમે

ગાંધીનગર દિન પ્રતિદિન હરણફાળ ભરીને ખૂબ જ વિકાસ કરી રહ્યું છે, જેનો ડંકો સમગ્ર ભારત દેશમાં ઉદાહરણરૂપ થઈ પડશે. અહીંની હરિયાળી તથા પહોળા રસ્તા એ તેની વિશેષતા છે.

નગરજનો

અહીંના નાગરિકો ટ્રાફિક પાલન અને સ્વચ્છતાની બાબતમાં નબળા છે. વળી, સંપીને રહેવાને બદલે નાની-નાની વાતોમાં ઉશ્કેરાવું એ અહીંના લોકોની આદત થઈ ગઈ છે અને શક્ય એટલું મફતનું મેળવવા અહીંના લોકો હંમેશાં તત્પર રહે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

અરૂણભાઈ બુચ દ્વારા ચાલતાં કાર્યો ઉત્તમ ઉદાહરણ છે. સાથે કેઍસવી, ડીએઆઈઆઈસીટી, ગુરુકુળ, આઈઆઈટી જેવી શૈક્ષણિક સંસ્થાઓની કામગીરી મને ગમે છે.

નગરને બહેતર બનાવવા

રોજગારીના ઉપક્રમ બાબતે ભાર મૂકવામાં આવે તો નગર હજુ બહેતર બની શકે તેમ છે.

નગર માટે હું કરી શકું

આર્થિક રીતે પછાત વ્યક્તિ તથા પછાત જ્ઞાતિના કોઈ વ્યક્તિને અન્યાય થતો હોય, આર્થિક નબળી સ્થિતિને લીધે ન્યાય મેળવી શકે એમ ન હોય તો તેમને હું સંપૂર્ણપણે સ્વખર્ચે ન્યાય અપાવવા હરહંમેશ પ્રયત્ન કરીશ.

ગાંધીનગરમાં સરકારી સેવામાંથી નિવૃત્ત થનાર ચંદુભાઈ મેહરિયાનું સેકટર-૬માં સંત રોહિદાસ મંદિર ભકત મંડળ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ચંદુભાઈ મહેરિયાએ 'અસ્મિતા' અને 'વિસ્ફોટ' નામના બે દલિત કાવ્યોનું સંપાદન, 'અનામતની સાંધી' વિષયે લેખ સંગ્રહનું સંપાદન, 'દલિત સાહિત્યની પ્રભાવી કૂચ', 'દુકાળિયા બપોરનો સંગાથ', 'પ્રાણ પ્રશ્ન પાણીનો' વગેરે અહેવાલ પુસ્તિકા, 'દલિત અધિકાર' નામની ડૉ. આંબેડકર નામની પુસ્તિકા સહિત અનેક પુસ્તકોનું સંપાદન, સ્મૃતિ ગ્રંથ વગેરે તૈયાર કર્યા હતા. આ પ્રસંગે સોમભાઈ સોલંકી, જગદીશભાઈ રાવજીભાઈ પરમાર, એમ.જી. ચૌહાણ તથા કાન્તિભાઈ રાઠોડ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહિલા સશકિતકરણ ઉજવણી અંતર્ગત મહિલાઓ માટે ખાસ સ્વરોજગાર શિબિર

ગાંધીનગર, તા.૨

સરકારશ્રીએ મહિલાઓના સર્વાંગી વિકાસ અને તેઓની આર્થિક ઉન્નતિ થાય તેવા પ્રયત્નો હાથ ધરેલ છે. તા. ૧-૮-૨૦૧૭ થી તા. ૧૪-૮-૨૦૧૭ દરમિયાન યોજાનાર મહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા તા. ૩-૮-૨૦૧૭ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે મહિલા આઈ.ટી.આઈ. સેકટર-૧૫, ગાંધીનગર ખાતે સ્વરોજગાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મહિલાઓ સ્વનિર્ભર થઈ શકે તે હતુ સ્વરોજગાર તેમજ રોજગારલક્ષી માર્ગદર્શન આપવામાં આવશે. દેના બેંક, બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, નાયબ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સમાજકલ્યાણ અધિકારીશ્રીની કચેરી જેવી ગાંધીનગરની વિવિધ સંસ્થાઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને મહિલાઓને સ્વરોજગારી મેળવવા માટે માર્ગદર્શિત કરશે. આથી ગાંધીનગર જિલ્લાની તમામ મહિલાઓને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભ લેવા જણાવવામાં આવે છે.

વિશ્વકર્મા સેવા સમાજની વાર્ષિક સાધારણ સભા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના શ્રી વિશ્વકર્મા સેવા સમાજની વાર્ષિક સાધારણ સભા તા. ૧૩મી ઓગષ્ટ રવિવારના રોજ ઉદ્યોગભવન સામે સેકટર-૧૨માં સંસ્થાના કાર્યાલય ખાતેના હોલમાં બપોરે ૨.૩૦ કલાકે યોજાશે. આ વાર્ષિક સાધારણ સભામાં સંસ્થાના આજીવન સભ્યોને સમયસર હાજર રહેવા અખબારી યાદીમાં જણાવ્યું છે.

આવતીકાલથી સે-૬-બીમાં દિવ્ય સત્સંગ પારાયણ અને હિંડોળા દર્શન

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના સેકટર-૬-બી ખાતે સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા દ્વારા તા. ૪થી ઓગષ્ટ શુક્રવારથી દિવ્ય સત્સંગ પારાયણ તથા દિવ્ય હિંડોળા દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમનું એસએમવીએસ સંસ્થાના સ્થાપક પૂ. દેવનંદનદાસજી સ્વામીના આર્શિવાદથી આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દરરોજ રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાક દરમિયાન દિવ્ય સત્સંગ પારાયણ તથા ઘનશ્યામ મહાપ્રભુના દિવ્ય હિંડોળા દર્શન યોજાશે. તા. ૬ઠ્ઠી ઓગષ્ટ રવિવારના રોજ કાર્યક્રમની પૂર્ણાહુતિ પ્રસંગે પૂ. નિર્ગુણસ્વામી કથામૃતનું પાન કરાવશે. આ ધાર્મિક પ્રસંગનો લાભ લેવા શહેરની ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ઘાટલોડીયાના યુવાનનો દંતાલી નર્મદા કેનાલમાં આપઘાત

ગાંધીનગર, તા.૨

ચાંદખેડા વિસ્તારમાં રહેતા શૈલેષભાઈ શ્રીમાળી આજે અડાલજ નજીક દંતાલી કેનાલ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કેનાલમાં તરતો મૃતદેહ દેખાતા અડાલજ પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. જમાદાર મુળજીભાઈ તેમની ટીમ સાથે સ્થળ પર આવી પહોંચ્યા હતા અને મૃતદેહ બહાર કઢાવી તપાસ શરુ કરી તેટલામાં મૃતકના સંબંધી તેમને શોધતા શોધતા કેનાલ પાસે આવી પહોંચ્યા હતા. ગઈ કાલે સવારે ઘરેથી નીકળ્યા બાદ પરત ઘરે નહી આવનાર ઘાટલોડીયાના ૪૦ વર્ષીય કાનજીભાઈ લક્ષ્મણભાઈ દેસાઈનો મૃતદેહ હોવાનું ખુલતા પોલીસે મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

દંઢાવ્ય (સત્તાવીસ) ઝીણી ઔદીચ્ય સહસ્ત્ર સમાજના તેજસ્વી તારલાઓને ઈનામ-શિષ્યવૃત્તિ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના દંઢાવ્ય (સત્તાવીસ) ઝીણી ઔદીચ્ય સહસ્ત્ર વિદ્યોત્તેજક મંડળ દ્વારા તેજસ્વી તારલાઓને ઈનામ-શિષ્યવૃત્તિમાં ભાગ લેવા માંગતા સમાજના વિદ્યાર્થીઓએ માર્ચ એપ્રિલ ૨૦૧૭ની વાર્ષિક પરીક્ષામાં પાસ થયેલ ધો-૧૦થી આગળ અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ બહેનોએ તા. ૧૫મી ઓકટોબર ૨૦૧૭ સુધીમાં ફોર્મ ભરી મોકલી આપવાના રહેશે. શિષ્યવૃત્તિ માટેના ફોર્મ મંડળના કાર્યાલય ખાતેથી અથવા કારોબારી સભ્યો પાસેથી મેળવી શકાશે. ફોર્મમાં તમામ કોલમની હકીકત સ્પષ્ટ ભરવી તથા ૨૦૧૭માં પાસ કરેલ પરીક્ષાની માર્કશીટની નકલ તથા બોનાફાઈડ સર્ટીફીકેટ અવશ્ય સામેલ કરવાની રહેશે. જેમને ઈમેઈલ પર ફોર્મ જોઈતા હોય તેવા વિદ્યાર્થીઓએ મો.નં. ૯૪૨૬૪૧૭૮૮૦ પર હર્ષદ વ્યાસનો સંપર્ક કરવો. આ સાથે મંડળ દ્વારા વ્હોટસએપ ગ્રૂપ પણ ચાલુ કરાયેલ છે. જેમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને કારકિર્દી લક્ષી માહિતી પુરી પાડવામાં આવે છે તેથી તેમાં જોડાવા માંગતા વિદ્યાર્થીઓએ વ્હોટસએપ નંબર મોકલી આપવા જણાવાયું છે.

જુસિકાને ચક્ષુદાન પ્રાપ્ત થયું

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરની જુનિયર સિટિઝન કાઉન્સિલને ગઈ કાલે તા. ૧લી ઓગષ્ટના રોજ ચક્ષુદાન પ્રાપ્ત થયું હતું. આ ચક્ષુદાન સેકટર-૫માં પ્લોટ નં. ૪૬૪/૧ ખાતે રહેતા ૪૮ વર્ષીય નાનજીભાઈ અરજણભાઈ પરમારનું અવસાન થતા તેમના કુટુંબીજન અમૃતબેન નાનજીભાઈ પરમારની વિનંતીથી મેળવવામાં આવ્યું હતું. ચક્ષુદાનમાં ચક્ષુ એકત્ર કરવાની તબીબી સેવા ડૉ. સૌરભ હીરવાની તથા અન્ય મદદ જુસીકાના કાર્યકર ગણપતલાલે પુરી પાડી હતી. ચક્ષુઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતેની ચક્ષુબેંકમાં પહોંચાડવાનું ભગીરથ કાર્ય ગણપતલાલ તથા દીલીપભાઈ દંતાણી દ્વારા પાર પાડવામાં આવ્યું હતું.

ચિરવિદાય

- સ્વ. મંગાજી કાનાજી ઠાકોર, ઉ.વ. ૮૩
- સ્વ. બહેચરદાસ હરગોવનદાસ પટેલ, ઉ.વ. ૮૫
- સ્વ. કાન્તીજી શંકરજી ઠાકોર, ઉ.વ. ૬૨
- સ્વ. વિક્રમસિંહ બાપુસિંહ ઝાલા, ઉ.વ. ૫૨
- સ્વ. ભીખીબેન ડાહ્યાજી ઠાકોર, ઉ.વ. ૬૯

સ્ટ્રીટલાઈટ ચાલુ રહી ગઈ હશે તો મનપાને મેસેજ મળશે

વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજના પાવર ઈલેકટ્રોનિક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓનું ડીઝાઈન એન્જીનીયરીંગ બેઝડ ઈનોવેશન : સ્માર્ટ સોલાર સ્ટ્રીટ લાઈટ

ગાંધીનગર, તા.૨

લાઈટ હવે દરેકના જીવન જરૂરિયાતની પાયાની વસ્તુ છે. હવે ૨૪ કલાક તેની આવશ્યકતા છે. તેમ છતાં ઘણા વિસ્તારોમાં લાઈટ પહોંચાડવી શકય નથી. તેના માટે ચાંદખેડાની વિશ્વકર્મા કોલેજના વિદ્યાર્થીઓએ સોલર આધારિત સ્માર્ટ લાઈટ બનાવેલ છે. જે અંધારુ થતાં જ આપમેળે ચાલુ થઈ જશે તથા અજવાળુ થતાં આપમેળે બંધ પણ થઈ જશે. અને એની ખાસ વિશેષતા એ છે કે આમાં કોઈ ખામી સર્જાય તો આ લાઈટ આપમેળે નોંધાવેલ મોબાઈલ નંબર પર એસએમએસ મોકલી દેશે. આનાથી રાત્રે લાઈટ ચાલુ કરવાના અને અજવાળુ થતાં તેને બંધ કરવાની જંજટમાંથી મુકિત મળી રહેશે.

મહાનગરમાં સ્ટ્રીટ લાઈટ બગડવાનો પ્રોબ્લેમ અવારનવાર થતો હોય છે. આ પ્રોબ્લેમના નિરાકરણ માટે આ પ્રોજેકટ તૈયાર કરેલ છે. આ સ્માર્ટ સોલાર સ્ટ્રીટ લાઈટના લીધે સોડિયમ વપર લેમ્પ કરતા ૮૫ ટકા સુધી ખર્ચમાં ઘટાડો કરી શકાય છે. આ પ્રોજેકટ સંપૂર્ણ સોલાર આધારિત હોવાથી વીજ ઉર્જાની આવશ્યકતા રહેતી નથી. આ સિસ્ટમ કોન્સ્ટંટન્ટ કરંટ ચાર્જ કંટ્રોલરના ઉપયોગથી બેટરીનું ઓવરચાર્જ અટકાવી શકે છે. આનાથી બેટરી અને સિસ્ટમ બંનેની ક્ષમતા તથા આયુષ્યમાં નોંધપાત્ર વધારો થાય છે. અંધારુ થવાની સાથે જ આ સ્ટ્રીટ લાઈટ આપમેળે ચાલુ થઈ જશે અને અજવાળુ થતાંની સાથે આપમેળે બંધ પણ થઈ જશે જેથી વીજ ઉર્જાની બચત થાય છે. એકવાર સોલારથી બેટરી ચાર્જ થયા પછી ૧૦થી ૧૨ કલાક સુધી લાઈટ ચાલુ રહેવાની ક્ષમતા ધરાવે છે. આ સિસ્ટમની મુખ્ય વિશેષતા આઈયુનો ઉનો અને જીએસએમ મોડયુલની મદદથી થતું ફોલ્ટ ડીટેકશન છે તેથી લાઈટમાં ખામી સર્જાય તો નોંધાયેલા નંબર પર એ વિસ્તારના સંબધિત અધિકારીને આપમેળે મેસેજ જતો રહે છે. જેથી નાગરિકોએ ઓપરેટરનો સંપર્ક કરવો પડતો નથી. એક વાર ઈન્સ્ટોલ કર્યા પછી એ લાંબા ગાળા સુધી નજીવા ખર્ચે ચાલે છે. આ પ્રોજેકટ રિન્યુએબલ એનર્જીમાં પણ મહત્વનો ભાગ ભજવશે અને અત્યારની ગ્લોબલ વોર્મિંગની સમસ્યાને પણ ઘટાડવામાં મદદરૂપ નિવડશે.

આ પ્રોજેકટ મોહિત ભાગચંદાણી, કામિયાબ હુસૈન પટેલ, જયજ્ઞ મોઢ, ફૈઝ મોહમંદ મસી તથા મિત પંડયાએ તૈયાર કર્યો છે. પ્રોજેકટ વીજીઈસીના પાવર ઈલેકટ્રોનિક વિદ્યાશાખાના સહાયક પ્રાધ્યાપક પ્રો. નિરવ મેહતાના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયો છે.